1. સામાજિક સંસ્થાનો અર્થ આપી, સામાજિક સંસ્થાનાં લક્ષણો જણાવો.

- સમાજમાં લગ્ન, કુટુંબ, જ્ઞાતિ વગેરે જેવી સામાજિક સંસ્થાઓ છે. કોઈ પણ વ્યક્તિ પોતાનું જીવન અનિયંત્રિત રીતે નહિ, પરંતુ સંસ્થાકીય માળખામાં રહીને જ જીવી શકે છે. પ્રત્યેક સમાજ જે કોઈ પ્રવૃત્તિઓ કરે છે તે બધી વિવિધ સંસ્થાઓ દ્વારા જ શક્ય છે. સંસ્થાઓ માનવીને પ્રવૃત્તિઓ કરવાની રીત આપે છે. સંસ્થાઓ માનવીના જન્મથી મૃત્યુ સુધી વ્યક્તિનું અને સમૂહનું સમાજીકરણ કરે છે. આ સંસ્થાઓ દ્વારા પ્રત્યેક સમાજના સાંસ્કૃતિક વારસાનું સાતત્ય જળવાઈ રહે છે અને તેનાથી જ સમાજ ટકી રહે છે.
- સામાજિક સંસ્થાનો અર્થ અને વ્યાખ્યા : 'સામાજિક સંસ્થા' એટલે સમાજની અમુક સામાજિક જરૂરિયાતોની પૂર્તિ માટે થતી આંતરક્રિયાને માર્ગદર્શિત કરતાં ધોરણોનો સમૂહ. સંસ્થા એ વ્યક્તિઓ અને જૂથો વચ્ચેના સંબંધોને નિયંત્રિત કરતી લાંબા સમય સુધી ટકી રહેતી પ્રસ્થાપિત કાર્યપ્રણાલી છે. સામાજિક સંસ્થા સભ્યોની જરૂરિયાતો સંતોષવામાં મદદરૂપ બને તેવી એકબીજાની ભૂમિકાઓ અને વર્તન કરવાની રીતો નક્કી કરી આપે છે. મેકાઈવર અને પેજના મત પ્રમાણે, "સંસ્થા એ સમૂહ પ્રવૃત્તિને પ્રસ્થાપિત કરતી કાર્યપ્રણાલી છે."
- હૉન્સન સંસ્થાને અમુક વિશિષ્ટ પ્રકારના સામાજિક સંબંધોને લાગુ પડતી ધોરણાત્મક ઢબ તરીકે ઓળખાવે છે. હોર્ટન અને હન્ટના મત મુજબ, 'માનવ જરૂરિયાતોની આસપાસ કેન્દ્રિત થયેલી લોકરીતિઓ અને લોકનીતિના સંગઠિત સંકુલને સામાજિક સંસ્થા કહેવાય.' આમ, લગ્ન, કુટુંબ, શિક્ષણ, ધર્મ વગેરે સંસ્થાઓ છે. આ સંસ્થાઓ વ્યક્તિઓની પરસ્પરની ભૂમિકાઓ અને વર્તનની ઢબ નક્કી કરે છે. તેમજ માનવસમાજની જરૂરિયાતો પૂરી પાડવાનું કાર્ય કરે છે. સામાજિક સંસ્થાનાં લક્ષણો : પ્રત્યેક સામાજિક સંસ્થાને તેની ખાસ વિશિષ્ટતાઓ હોય છે. આમ છતાં, બધી સામાજિક સંસ્થાઓ અમુક સર્વમાન્ય લક્ષણો (લાક્ષણિકતાઓ) ધરાવે છે, જે નીચે પ્રમાણે છે
- વલણ અને વર્તનની ઢબ : સંસ્થાઓ વ્યક્તિઓનાં વલણ અને વર્તનની ઢબ વ્યક્ત કરે છે. દા. ત., કુટુંબમાં પરસ્પર પ્રેમ, વફાદારી, માનની લાગણી અને જવાબદારીનું વલણ વ્યક્ત થાય છે અને આ વલણ અનુસાર કુટુંબના સભ્યોના પારસ્પરિક વર્તનની ઢબ રચાય છે. આ જ પ્રમાણે રાજકીય, શૈક્ષણિક, ધાર્મિક વગેરે સંસ્થામાં વલણ અને વર્તનની ઢબ વ્યક્ત થાય છે.
- 2. સાંસ્કૃતિક પ્રતીકો : દરેક સંસ્થાને અમુક વિશિષ્ટ સાંસ્કૃતિક પ્રતીકો હોય છે, જે સંસ્થાની ઓળખ આપે છે. દા.ત., રાષ્ટ્રગીત, રાષ્ટ્રધ્વજ વગેરે કોઈ દેશનું સાંસ્કૃતિક પ્રતીક છે. કોઈ પક્ષનું ચિહન એ રાજકીય સંસ્થાનું પ્રતીક છે. સગાઈ સમયે અપાતી વીટી લગ્નસંસ્થાનું પ્રતીક છે. અમુક સ્તોત્ર કે સ્તવન ધર્મસંસ્થાનું પ્રતીક છે.
- 3. સાધનસગવડ : સંસ્થા તેનાં કાર્યો માટે ખાસ સાધનો અને સગવડો ધરાવે છે. જે સંસ્થાના ઉપયોગના પાયા પર રચાયેલું સાંસ્કૃતિક લક્ષણ છે. દા.ત., કુટુંબસંસ્થા માટે ઘર, ધર્મસંસ્થા માટે મંદિર, દેરાસર, મસ્જિદ, ચર્ચ વગેરે; શિક્ષણસંસ્થા માટે શાળાનું મકાન, યુનિવર્સિટીનું ભવન વગેરે; પુસ્તકો અને ગ્રંથો માટે પુસ્તકાલય. આ બધા સંસ્થાના સાધનસગવડ છે.
- 4. વર્તનનાં ધોરણો : સંસ્થા એ લોકરીતિઓ, લોકનીતિઓ અને કાયદાનો સમૂહ છે. વિશિષ્ટ પ્રકારના સામાજિક સંબંધોને લાગુ પડતા વર્તન અને ભૂમિકાને માર્ગદર્શન આપતાં ધોરણોની વ્યવસ્થા છે. દા.ત., કુટુંબસંસ્થામાં પતિપત્ની અને સંતાનોના પારસ્પરિક સંબંધો અને ભૂમિકા નક્કી કરતાં સામાજિક ધોરણો જોવા મળે છે. તથા વંશવારસાને લગતા અને ઉત્તરાધિકારીને લગતા નિયમો જોવા મળે છે. ધર્મસંસ્થામાં ધર્મના સિદ્ધાંતો તેના અનુયાયીઓ માટે વર્તનનાં ધોરણો બની જાય છે. આમ, દરેક સંસ્થામાં વર્તનનાં ધોરણોની ઢબ હોય છે, જે સંસ્થાની પ્રણાલિકા બને છે.

- 5. વિચારસરણી : વિચારસરણી એ વિચારો, માન્યતાઓ અને ધોરણોનો સમૂહ છે. ધોરણો વ્યક્તિએ કઈ રીતે વર્તવું અને કઈ રીતે વર્તન ન કરવું તે સુચવે છે, જ્યારે વિચારસરણી વ્યક્તિએ શા માટે આ રીતે વર્તન કરવું જોઈએ તે સુચવે છે. આમ, વિચારસરણી સંસ્થાની મૂળભૂત માન્યતાઓ અને વિચારો વ્યક્ત કરે છે. દા.ત., કુટુંબવાદ કે વ્યક્તિવાદ એ કુટુંબની વિચારસરણી છે. કર્મવાદ, એકેશ્વરવાદ કે અનેકેશ્વરવાદ એ ધર્મની વિચારસરણી છે. રાષ્ટ્રવાદ, લોકશાહી, પ્રજાતંત્ર વગેરે રાજકીય સંસ્થાની વિચારસરણી છે.

## 2. 'લગ્નસંસ્થા' એટલે શું? લગ્નના ઉદ્દેશો (હેતુઓ) સમજાવો.

- લગ્નસંસ્થા એ કુટુંબવ્યવસ્થા સાથે જોડાયેલી મહત્ત્વની સંસ્થા છે. 'લગ્ન' એ કુટુંબસંસ્થાનું પહેલું પગથિયું છે. લગ્ન માનવસમાજની સાર્વત્રિક ઘટના છે. લગ્નનાં સ્વરૂપો, હેતુઓ, ખ્યાલો, આદર્શો, મૂલ્યો વગેરે બાબતમાં જુદા જુદા સમાજમાં ભિન્નતા જોવા મળે છે.
- લગ્નનો અર્થ : લગ્ન એક મહત્ત્વની સામાજિક જરૂરિયાત તરીકે વિશ્વના દરેક સમાજે સ્વીકારેલી મૂળભૂત અને પાયાની સામાજિક સંસ્થા છે, લગ્ન દ્વારા પુરુષ અને મહિલાને નિશ્ચિત પતિપત્ની તરીકેનો દરજ્જો પ્રાપ્ત થાય છે અને તેમની વચ્ચેના જાતીય સંબંધોને સામાજિક માન્યતા મળે છે.
- જાતીય સંબંધોની માન્યતાને કારણે જન્મ લેનાર બાળકો કાયદેસરનાં ગણાય છે અને પતિપત્નીને માતાપિતાનો દરજ્જો મળે છે. હેરી હૉન્સનના મત પ્રમાણે, "લગ્નનું આવશ્યક તત્ત્વ એ છે કે તેમાં પુરુષ અને મહિલાને એક સ્થાયી સંબંધમાં પ્રવેશીને, પોતાનું સામાજિક સ્થાન ગુમાવ્યા વગર બાળકોને જન્મ આપવાની અનુમતિ મળે છે."
- વેસ્ટર માર્ક જણાવે છે કે, "લગ્ન એક કે વધારે પુરુષોનો એક કે વધારે મહિલાઓ સાથેનો સંબંધ છે. જેનો સમાજના રિવાજો કે કાયદાઓ દ્વારા સ્વીકાર થયો હોય છે. આ પ્રકારના સંબંધોમાં લગ્ન કરનાર વ્યક્તિઓ અને જન્મ પામનાર બાળકોના પારસ્પરિક હકો અને ફરજોનો સમાવેશ થાય છે. ઈ. એસ, બોગાસની વ્યાખ્યા મુજબ, "લગ્ન એ મહિલા અને પુરુષને કૌટુંબિક જીવનમાં પ્રવેશ અપાવતી સંસ્થા છે." લગ્ન માનવીની જાતીય વૃત્તિનું નિયંત્રણ કરે છે અને આ વૃત્તિનું સમાજને માટે ઉપયોગી ઢાંચામાં નિયમન કરે છે. લગ્નસંસ્થા આદિકાળથી આધુનિક કાળ સુધી કોઈ ને કોઈ પ્રકારે મહિલા અને પુરુષના સંબંધોને નિયંત્રિત કરતી રહી છે.
- લગ્નના ઉદ્દેશો (હેતુઓ) : લગ્નના ઉદ્દેશો નીચે પ્રમાણે છે :
- ધર્મ (ધાર્મિક ફરજોનું પાલન) : હિન્દુ ધર્મમાં લગ્નને પવિત્ર સંસ્કાર માનવામાં આવે છે. હિન્દુઓ માટે લગ્નનો મુખ્ય ઉદ્દેશ ધાર્મિક ફરજોનું પાલન કરવાનો છે. પ્રત્યેક હિન્દુ પુરુષે પોતાના જીવનકાળ દરમિયાન અમુક ધાર્મિક ફરજો બજાવવાની છે. આ ધાર્મિક ફરજો પુરુષ એકલો બજાવી શકતો નથી. ધાર્મિક વિધિવિધાનો અને ફરજો બજાવવા માટે પત્નીનો સાથ જરૂરી છે.
- 2. પ્રજા (સંતતિપ્રાપ્તિ) : લગ્નનો ઉદ્દેશ સંતતિપ્રાપ્તિનો છે. પ્રાચીન સમયમાં શિષ્ય જ્યારે વિદ્યા પ્રાપ્ત કરી ગુરુના આશ્રમમાંથી વિદાય લેતો હતો ત્યારે ગુરુ તેને આદેશ આપતા કહેતા હતા કે, "જે પ્રમાણે તમારા પૂર્વજોએ સંતતિને જન્મ આપ્યો છે તે જ પ્રમાણે તમે પણ સંતતિને જન્મ આપજો." સમાજનું સાતત્ય અને અસ્તિત્વ જાળવી રાખવા માટે સમાજમાં નવી સંતતિનું સર્જન થાય એ આવશ્યક છે.
- 3. રતિ (જાતીય સંતોષ) : લગ્ન દ્વારા પુરુષ અને મહિલાને સામાજિક રીતે જાતીય સંતોષ પ્રાપ્ત થાય છે. લગ્નના ઉદ્દેશમાં જાતીય વૃત્તિના સંતોષને સ્થાન આપીને શાસ્ત્રકારોએ વ્યક્તિગત જરૂરિયાતોને પણ મહત્ત્વ આપ્યું છે.
- 4. ગૃહનિવાસ : લગ્ન દ્વારા પુરુષ અને મહિલાને સામાજિક રીતે એકબીજા સાથે ગૃહનિવાસ કરવાનો અધિકા

મળે છે.

3. જ્ઞાતિનાં લક્ષણોની ચર્ચા કરો.

- પ્રાચીનકાળથી જ્ઞાતિસંસ્થા ભારતીય સમાજની પાયાની વ્યવસ્થા છે. જ્ઞાતિવ્યવસ્થા ખંડ વિભાજન અને કોટિક્રમના સિદ્ધાંત પર નિયંત્રિત થાય છે. ખંડવિભાજનનો સિદ્ધાંત હિન્દુ સમાજનું અસંખ્ય જૂથો અને પેટાજૂથોમાં વિભાજન સુચવે છે, જ્યારે કોટિક્રમનો સિદ્ધાંત જૂથ વિભાજનની ઊંચા અને નીચા ક્રમમાં ગોઠવણી સુચવે છે.
- જ્ઞાતિનાં લક્ષણો : ડૉ. ગોવિંદ સદાશિવ પૂર્વે ભારતની પરંપરાગત જ્ઞાતિનું સ્વરૂપ સમજાવવા માટે જ્ઞાતિનાં છ મૂળભૂત લક્ષણો નીચે પ્રમાણે દર્શાવ્યા છે :
- હિન્દુ સમાજનું જુદા જુદા ખંડોમાં વિભાજન : જ્ઞાતિઓ ભારતમાં હિન્દુ સમાજને અનેક નાના નાના ખંડોમાં વિભાજિત કરે છે. પ્રત્યેક ખંડ એક જ્ઞાતિનો બનેલો છે. પ્રત્યેક જ્ઞાતિમાં પણ નાના પેટાવિભાગો જોવા મળે છે. પ્રત્યેક જ્ઞાતિ અલગ અને સ્વતંત્ર સામાજિક એકમ તરીકે અસ્તિત્વ ધરાવે છે. દરેક જ્ઞાતિને પોતાનો અલગ સામાજિક દરજ્જો છે, જે જ્ઞાતિમાં વ્યક્તિનો જન્મ થાય તે જ્ઞાતિનું સભ્યપદ આપોઆપ મળી જાય છે. સ્વપ્રયત્નથી વ્યક્તિ જ્ઞાતિનું સભ્યપદ કે દરજ્જો બદલી શકતી નથી, જ્ઞાતિનો દરજ્જો અર્પિત દરજ્જો છે. ઘણીખરી જ્ઞાતિઓને પોતાની આગવી, સ્વતંત્ર અને કાયમી પંચાયત હોય છે. જ્ઞાતિપંચાયત જ્ઞાતિનાં સામાજિક ધોરણો નક્કી કરે છે. જ્ઞાતિના સભ્યોની પરસ્પરની વર્તણૂક તથા અન્ય જ્ઞાતિઓ સાથેનો તેમનો સામાજિક વ્યવહાર નક્કી કરે છે. જ્ઞાતિઓના રીતરિવાજો અને ધોરણોમાં તફાવત જોવા મળે છે. આથી, જ્ઞાતિઓ નાની હોવા છતાં અલગ અસ્તિત્વ અને આગવી સંસ્કૃતિ ધરાવે છે. આમ, દરેક જ્ઞાતિ એક સ્વતંત્ર સામાજિક એકમ તરીકે અસ્તિત્વ ધરાવે છે.
- 2. કોટિક્રમ : જ્ઞાતિઓનો અસમાન સામાજિક દરજ્જાઓનો કોટિક્રમ મહત્ત્વનું લક્ષણ છે. બધી જ્ઞાતિઓ અસમાન દરજ્જામાં હોવાના કારણે ચડઊતરના ક્રમમાં ગોઠવાયેલી હોય છે. ધાર્મિક દૃષ્ટિએ કોટિક્રમની આ વ્યવસ્થામાં બ્રાહ્મણો સૌથી ઊંચા ગણાય છે પરંતુ અન્ય જ્ઞાતિઓનું ચોક્કસ સામાજિક સ્થાન નક્કી કરવું મુશ્કેલ છે. જ્ઞાતિઓના કોટિક્રમ માટે સભ્યોએ પોતે સ્વીકાર્ય ગણ્યો હોય તેવો સર્વમાન્ય સિદ્ધાંત નથી. આમ, જ્ઞાતિવ્યવસ્થામાં જ્ઞાતિઓના દરજ્જાઓની અસમાનતા અને કોટિક્રમ હોય છે, પરંતુ આ કોટિક્રમમાં કઈ જ્ઞાતિ ક્યા ચોક્કસ સ્થાને છે તે નક્કી કરવું મુશ્કેલ છે.
- 3. ખાનપાન અને સામાજિક વ્યવહાર અંગેના પ્રતિબંધો : ખાનપાન અને સામાજિક વ્યવહાર અંગેના પ્રતિબંધો શુદ્ધિઅશુદ્ધિના ખ્યાલ પરરચાયેલા છે. પોતાનાથી નીચા દરજ્જાની જ્ઞાતિ સાથે ખાનપાન અને સામાજિક વ્યવહાર રાખવાથી પોતાની ધાર્મિક પવિત્રતા ઓછી થઈ જાય એવી માન્યતા જ્ઞાતિસમૂહોમાં વ્યાપક છે. આથી ભિન્ન ભિન્ન દરજ્જાવાળી જ્ઞાતિઓ વચ્ચે ખાનપાન અને અન્ય સામાજિક વ્યવહારો કઈ જ્ઞાતિ સાથે રાખી શકાય અને કઈ જ્ઞાતિ સાથે ન રાખી શકાય તે અંગેનાં અત્યંત ઝીણવટભર્યા સામાજિક ધોરણો દરેક જ્ઞાતિમાં છે. ખાનપાન અને સામાજિક વ્યવહાર અંગેના પ્રતિબંધોની બાબતમાં ભારતના જુદા જુદા પ્રદેશોમાં, જુદી જુદી જ્ઞાતિઓના રિવાજોમાં ઘણા તફાવતો છે.
- 4. વિભિન્ન જ્ઞાતિઓની નાગરિક તથા ધાર્મિક અસમર્થતાઓ અને વિશેષાધિકારો : ભારતની જ્ઞાતિઓમાં પ્રવર્તતા ચડિયાતાપણા અને ઊતરતાપણા તથા શુદ્ધિ અને અશુદ્ધિના ખ્યાલોએ નિમ્ન અને ઉચ્ચ ગણાતી જ્ઞાતિઓમાં નાગરિક અને ધાર્મિક અધિકારોમાં અસમાનતા સર્જી છે. નિમ્ન ગણાતી જ્ઞાતિઓ લોકવ્યવહારમાં અનેક પ્રકારના નાગરિક અને ધાર્મિક અધિકારોથી વિમુખ હતા. જ્યારે ઉચ્ચ ગણાતી જ્ઞાતિઓ આ બાબતોમાં અનેક

વિશેષાધિકારો ધરાવે છે. વસવાટ, પાણી મેળવવાનાં સ્થળોનો ઉપયોગ, જાહેર રસ્તાઓનો ઉપયોગ, શાળા અને મંદિરમાં પ્રવેશ વગેરે અનેક બાબતોમાં અસમર્થતાઓ અને વિશેષાધિકારો હતા, નાગરિક અને ધાર્મિક અસમાનતાઓ બંધારણ અને કાયદા દ્વારી નાબૂદ કરવામાં આવી છે, પરંતુ સામાજિક વ્યવહારમાં તે હજુ સંપૂર્ણ નાબૂદ થઈ નથી.

- 5. વ્યવસાયની પસંદગી પર અંકુશ : જ્ઞાતિના વ્યવસાય વંશપરંપરાગત હતા. પ્રત્યેક જ્ઞાતિએ પોતાનો નક્કી થયેલો વ્યવસાય કરવો તે તેની ફરજ ગણાતી, પિતાનો વ્યવસાય પુત્ર સંભાળે તેવી પરંપરા હતી, પોતાની જ્ઞાતિ સિવાયના અન્ય વ્યવસાય ફાયદા કારી હોય, તોપણ જ્ઞાતિનો વ્યવસાય છોડી અન્ય વ્યવસાય કરી શકાતને નહિ. દરેક જ્ઞાતિ પોતાનો વ્યવસાય અન્ય જ્ઞાતિના સભ્યોને કરવાની છૂટ આપતી નહિ, આમ, વ્યવસાયની પસંદગીની બાબતમાં જ્ઞાતિ ધોરણોના અંકુશો રહેતા હતા. વેપાર, ખેતી, ખેતમજૂરી, લશ્કરની નોકરી વગેરે વ્યવસાયો કોઈ પણ જ્ઞાતિની વ્યક્તિ સ્વીકારી શકતી.
- 6. લગ્ન પરના પ્રતિબંધો : અંતર્લગ્નપ્રથા જ્ઞાતિવ્યવસ્થાનું અગત્યનું લક્ષણ છે. પ્રત્યેક જ્ઞાતિના સભ્યો પોતાની જ્ઞાતિમાં કે પેટાજ્ઞાતિમાં લગ્ન કરી શકતા. અન્ય જ્ઞાતિમાં લગ્ન કરવાની મનાઈ હતી. જ્ઞાતિના આ નિયમનો ભંગ કરનાર વ્યક્તિને જ્ઞાતિમાંથી કાઢી મુકવામાં આવતી હતી.

4. લગ્નસંસ્થામાં આવેલાં પરિવર્તનો જણાવો.

- મહિલાશિક્ષણ અને મહિલાઓનો વ્યવસાયપ્રવેશ, વિજ્ઞાન અને ટેકનોલૉજી તથા સંચાર માધ્યમોનો વિકાસ, ઔદ્યોગીકરણ, શહેરીકરણ, કાનૂનીકરણ, બિનસાંપ્રદાયિકતા, વ્યક્તિવાદ, સ્વતંત્રતા અને સમાનતા વગેરે પરિબળોના કારણે આધુનિક સમયમાં લગ્નસંસ્થામાં પરિવર્તનો આવ્યાં છે, જે નીચે પ્રમાણે છે :
- લગ્નનું ધાર્મિક પાસું નબળું પડ્યું છે : લગ્નમાં હવે ધાર્મિક વિધિની માત્ર ઔપચારિકતા જોવા મળે છે. લગ્નને પવિત્ર સંસ્કાર અને પવિત્ર બંધન ગણવાનો આદર્શ નબળો પડ્યો છે. જાતીય પવિત્રતાનું ધાર્મિક મહત્ત્વ ઘટયું છે. લગ્ન એક ફરજ છે તેવો ખ્યાલ હવે રહ્યો નથી. લગ્નને આત્મવિકાસનું સાધન માનવાને બદલે લગ્ન અવરોધરૂપ છે તેવી વિચારસરણી વિકસવા લાગી છે.
- લગ્નવિધિમાં ‘કન્યાદાન’ મહત્ત્વની બાબત છે. તેમાં માતાપિતા પોતાની કન્યાનું વરને દાન કરે છે. તેમાં માતાપિતા કન્યાની કોઈ કિંમત લેતા નથી, પરંતુ કન્યાદાન વખતે માતાપિતા તરફથી પોશાક, અલંકારો વગેરે કન્યાને ભેટ તરીકે આપવામાં આવે છે.આજે પણ કન્યાદાનની વિધિ તો થાય છે, પરંતુ તેમાં ભૌતિકતા, સામાજિક પ્રતિષ્ઠા, દહેજ વગેરે ખ્યાલ વ્યક્ત થાય છે. આમ, કન્યાદાનમાં જે ધાર્મિક અને આધ્યાત્મિક તત્ત્વો હતાં તેની જગ્યાએ હવે સામાજિક અને ભૌતિક તત્ત્વો જોવા મળે છે.
- 2. હિન્દુ લગ્નમાં વિકસતું કરારી સ્વરૂપ : હિન્દુ લગ્ન એક સંસ્કાર છે, પરંતુ હવે તેનું સ્વરૂપ કરાર તરફ જઈ રહ્યું છે. બિનસાંપ્રદાયિકતા અને વ્યક્તિવાદી વલણોના કારણે લગ્નનાં આધ્યાત્મિક મૂલ્યોમાં પરિવર્તન આવ્યું છે.
  ઈ. સ. 1954ના ‘સ્પેશિયલ મૅરેજ ઍક્ટ’ હેઠળ થયેલાં લગ્નોમાં બંનેની સંમતિથી છુટ્ટાછેડા મેળવી શકાય છે. કાયદાઓના કારણે લગ્નવય ઊંચી ગઈ છે. વિધવાલગ્ન અને પ્રેમલગ્ન સ્વીકૃત બન્યાં છે.
- મહિલા અને પુરુષ બંનેને છૂટાછેડાનો અધિકાર મળ્યો છે. જ્ઞાતિઓના નિયમ પ્રમાણે પણ છૂટાછેડા મેળવી શકાય છે. આમ, લગ્નમાં કરારી તત્ત્વોનો વિકાસ થયો છે. આમ છતાં, લગ્નસંસ્થા પરથી પરંપરાગત આધ્યાત્મિક મૂલ્યોનો પ્રભાવ સંપૂર્ણ અદશ્ય થયો નથી, લગ્ન સમયની વૈદિક વિધિઓ જળવાઈ રહી છે. પ્રેમલગ્નો અલ્પ

પ્રમાણમાં થાય છે. છૂટાછેડાનું પ્રમાણ પણ બહુ જ ઓછું છે. હિન્દુ લગ્નનું પ્રાચીન આધ્યાત્મિક સ્વરૂપ અંશતઃ બદલાયું હોવા છતાં તેનું સંસ્કાર તરીકેનું સ્વરૂપ પૂર્ણપણે નષ્ટ થયું નથી.

- 3. લગ્નવય ઊંચી આવતી જાય છે : ભારતીય સમાજમાં ભૂતકાળની તુલનામાં બાળલગ્નોની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થયો છે. નવા કાનૂની સુધારા દ્વારા લગ્નવય છોકરા માટે 21. વર્ષની અને છોકરી માટે 18 વર્ષની કરવામાં આવી છે. કાનૂની સુધારા ઉપરાંત મહિલાશિક્ષણનો વિકાસ, ધાર્મિક ખ્યાલોનો તથા જ્ઞાતિના પરંપરાગત રિવાજોનો ઘટેલો પ્રભાવ વગેરે કારણોસર લગ્નવય ઊંચી ગઈ છે.પુખ્તવયે લગ્ન એ હવે રિવાજ બનતો જાય છે.
- 4. લગ્નસાથીની પસંદગીનાં ધોરણોમાં પરિવર્તન : પરંપરાગત રીતે લગ્નસાથીની પસંદગી માતાપિતા કે વડીલો દ્વારા નક્કી કરવામાં આવતી હતી. સમાજમાં લગ્નને બે કુટુંબના જોડાણ તરીકે સ્વીકારવામાં આવતું હતું. વર્તમાન સમયમાં લગ્નસાથીની પસંદગીનાં ધોરણોમાં પરિવર્તન આવ્યું છે. માતાપિતા અને વડીલો યુવકયુવતીની પસંદગી અને ઇચ્છાને મહત્ત્વ આપે છે. માતાપિતા લગ્નસાથીની પસંદગીની બાબતમાં દબાણ કરતા નથી. લગ્નસાથીની પસંદગીમાં વ્યક્તિગત લાયકાતને મહત્ત્વ આપવામાં આવે છે.
- 5. આંતરજ્ઞાતીય લગ્ન શક્ય બન્યાં છે : વિવિધ કાનૂની પગલાં અને સુધારણા પ્રવૃત્તિઓના પરિણામે જુદી જુદી જ્ઞાતિઓ વચ્ચેના લગ્નસંબંધો માટે અનુકૂળ વાતાવરણ સર્જાયું છે. મહિલાશિક્ષણ,સહશિક્ષણ, સહકાર્ય, પડોશ, પિકનિક અને મેળાવડાઓમાં યુવકયુવતી વચ્ચે વધતા જતા સંપર્કના કારણે આંતરજ્ઞાતીય લગ્ન શક્ય બન્યાં છે. સરકાર દલિત જ્ઞાતિ અને અન્ય જ્ઞાતિ વચ્ચે થયેલા લગ્નને પ્રોત્સાહન અને આર્થિક સહાય આપે છે. ઈ. સ. 1949ના 'હિન્દુ મેરેજ વેલિડિટી ઍક્ટ' હેઠળ આંતરજ્ઞાતીય લગ્નને સમર્થન પ્રાપ્ત થયું છે.
- 6. બહુપતિ બહુપત્ની લગ્ન ગેર કાયદેસર બન્યાં છે : ઈ. સ. 1955ના 'હિન્દુ મેરેજ એક્ટ' હેઠળ હિન્દુઓમાં બહુપતિ તેમજ બહુપત્ની લગ્ન ગેરકાયદેસર બન્યાં છે. આ કાયદાના કારણે હિન્દુ સમાજમાં બહુપતિપત્ની લગ્નપ્રથાનો સંપૂર્ણ અંત આવ્યો છે.
- 7. સ્વપસંદગીનાં લગ્નનું પ્રાધાન્ય વધ્યું : લગ્નસંસ્થામાં સ્વપસંદગીની બાબતમાં પરિવર્તન આવ્યું છે. વિવિધ પરિબળોના કારણે સ્વપસંદગીનાં લગ્ન થવા લાગ્યાં છે. આવાં લગ્નોની સંમતિની બાબતમાં સમાજ ઉદારતા અને સહિષ્ણુતાભર્યું વર્તન દાખવે છે, સ્વપસંદગીનાં લગ્નોને સ્વીકૃતિ મળતાં આવાં લગ્નનું પ્રાધાન્ય વધ્યું છે.
- 8. છૂટાછેડાને કાનૂની માન્યતા : આધુનિક ભારતમાં મહિલા અને પુરુષ બંનેને કાયદા દ્વારા છૂટાછેડાનો સમાન અધિકાર મળ્યો છે. પરંપરાગત ભારતીય સમાજમાં લગ્ન એક પવિત્ર સંસ્કાર મનાતું હોવાથી છૂટાછેડા સમાજમાન્ય ન હતા. ઈ. સ. 1955ના હિન્દુ લગ્ન ધારામાં છૂટાછેડાની જોગવાઈ કરવામાં આવી છે.
- દુઃખી દામ્પત્યજીવનનો અંત લાવવા હવે મહિલાઓ અને પુરુષો છૂટાછેડાનો માર્ગ અપનાવી શકે છે. સમાજમાં પણ છટાછેડાને સ્વીકૃતિ મળવા લાગી છે. છૂટાછેડા બાદ પુનર્લગ્ન થવા લાગ્યાં છે. આમ છતાં, હજુ લગ્નનું એક સંસ્કાર તરીકેનું સ્વરૂપ ટકી રહ્યું

### 5. સામાજિક વર્ગનાં લક્ષણો જણાવો.

- દરેક સામાજિક વર્ગ દરજ્જાઓનું બનેલું જૂથ છે, જે સમાન પ્રતિષ્ઠા ધરાવે છે. એક વર્ગ બીજા વર્ગ કરતાં દરજ્જાની બાબતમાં ઊંચો કે નીચો ગણાય છે. સામાજિક વર્ગ એ સમાન દરજ્જો ધરાવના વ્યક્તિઓનો સમૂહ છે. સામાજિક વર્ગના લક્ષણો નીચે પ્રમાણે છે :

- વર્ગ સભાનતા : દરેક વર્ગના સભ્યો પોતે અમુક વર્ગનો દરજજો ધરાવે છે, તેવી સભાનતા ધરાવે છે. આ સામાજિક વર્ગનું મહત્ત્વનું આત્મલક્ષી લક્ષણ છે. અમુક વિશિષ્ટ સંજોગોમાં વ્યક્તિ પોતાની વર્ગસભાનતા વ્યક્ત કરતી હોય છે.
- 2. ઊંચનીચનો સ્વીકાર : સામાજિક વર્ગનું મહત્ત્વનું લક્ષણ એ છે કે સામાજિક વર્ગના દરેક સભ્યો એ બાબતનો સ્વીકાર કરતા હોય છે કે પોતાનો વર્ગ અમુક વર્ગથી ઊંચો છે અને અમુક વર્ગથી નીચો છે.
- 3. સમાન સામાજિક દરજજો : દરેક સામાજિક વર્ગ સમાન દરજ્જો ધરાવતું જુથ છે. કોઈ પણ એક સામાજિક વર્ગના તમામ સભ્યો આવક, સંપત્તિ, મિલકત, વ્યવસાય, શિક્ષણ, રાજ કીય દરજ્જો વગેરે બાબતોમાં લગભગ સમાન હોય છે. એક જ સામાજિક વર્ગના સભ્યો પરસ્પર એકબીજાને સામાજિક રીતે સમકક્ષ માને છે. તેમનાં પારસ્પરિક વર્તનો, વ્યવહાર અને સંબંધોમાં દરજજાની સમાનતા હોય છે.
- 4. અંતર્લગ્ન : મોટા ભાગના તમામ સામાજિક વર્ગો અંતર્વિવાહી જૂથ છે. દરેક વર્ગના સભ્યો મોટા ભાગે પોતાના વર્ગમાંથી જ લગ્નસાથી પસંદ કરવાનું વલણ ધરાવતા હોય છે.
- 5. વર્ગનું એકમ કુટુંબ : સામાજિક વર્ગ એ કુટુંબનું બનેલું સ્તરે છે. વર્ગ કોટિકમના સંદર્ભમાં કુટુંબ એ એકમ છે. કુટુંબના બધા સભ્યો સમાન વર્ગ દરજ્જો ધરાવે છે. વ્યક્તિને જન્મથી વર્ગ દરજ્જો પ્રાપ્ત થાય છે.
- 6. સમાન જીવનશૈલી : દરેક સામાજિક વર્ગની એક જીવનશૈલી છે. એક સામાજિક વર્ગની જીવનશૈલી બીજા સામાજિક વર્ગથી જુદા પડે છે. એક જ સામાજિક વર્ગના સભ્યો સમાન મૂલ્યો, વલણ અને જીવનપદ્ધતિ ધરાવે છે. જીવનશૈલી વ્યાપક ખ્યાલ છે. જેમાં મિલકત સંપત્તિ, વ્યવસાય, જીવનકાર્ય, મનોરંજનનાં સાધનો વગેરે બાબતોના સમાવેશ થાય છે. કોઈ એક સામાજિક વર્ગના સભ્યો આ બધી બાબતોમાં સમાનતા ધરાવતા હોય છે.
- 7. સ્વયંજનિત : સામાજિક વર્ગ સ્વયંજનિત જૂથ છે. સમૂહજીવન, શ્રમવિભાજન કે જન્મગત તફાવતો, સામાજિક વાતાવરણના તફાવત વગેરે લાક્ષણિકતાઓના કારણે કોઈ ને કોઈ સ્વરૂપના સામાજિક વર્ગો આપોઆપ ઉદભવે છે, આથી વર્ગવિહીન સમાજરચના શક્ય નથી.

6. ટૂંક નોંધ લખો : કુટુંબનાં લક્ષણો .

- કુટુંબ એ સમાજની પાયાની સાર્વત્રિક સંસ્થા છે. વ્યક્તિના સામાજિક જીવનનો પ્રારંભ કુટુંબમાંથી થાય છે. કુટુંબ સમાજ અને સંસ્કૃતિના સાતત્યમાં કેન્દ્રવર્તી સ્થાન ધરાવે છે. કુટુંબનાં લક્ષણો નીચે પ્રમાણે છે :
- મહિલા અને પુરુષ વચ્ચેના જાતીય સંબંધો : કુટુંબ જાતીય સંબંધના આધારે રચાયેલું જૂથ છે, કુટુંબ મહિલા અને પુરુષની જાતીય ઇચ્છાની પૂર્ણતા કરે છે. જાતીય સંબંધોના કારણે કુટુંબની વંશવૃદ્ધિ થાય છે. સહજીવનના કારણે મહિલા અને પુરુષ બાળકોની સંભાળ અને ઉછેરની સામાજિક જવાબદારી સંયુક્ત રીતે સ્વીકારે છે. આમ, મહિલા અને પુરુષ વચ્ચેનો જાતીય સંબંધ કુટુંબનું મુખ્ય લક્ષણ છે. આ સંબંધ અલ્પ કાળ , દીર્ઘકાળ અને સમગ્ર જીવનકાળ સુધી હોય છે.
- 2. લગ્નપ્રથા : લગ્નપ્રથા એ કુટુંબ રચનાનું પ્રથમ પગથિયું છે. દરેક સમાજમાં માન્ય લગ્નપ્રથા પ્રમાણે જે વ્યક્તિઓ પરસ્પર જોડાય છે, તેમની વચ્ચે જ જાતીય સંબંધ સ્થાપિત થઈ શકે છે. સમાજ આવા માન્ય સંબંધને જ યોગ્ય ગણે છે. અલગ અલગ સમયે, અલગ અલગ સમાજમાં, સાંસ્કૃતિક મૂલ્યો મુજબ લગ્નનું સ્વરૂપ અલગ અલગ હોઈ શકે છે, પરંતુ લગ્નપ્રથા એ તમામ કુટુંબવ્યવસ્થામાં સાર્વત્રિક રીતે અસ્તિત્વ ધરાવે છે.

- 3. સહનિવાસ : લગ્નસંબંધથી જોડાયા બાદ પતિપત્નીના સહનિવાસનો પ્રારંભ થાય છે. આમ, કુટુંબ એક સ્થળે સહનિવાસ કરતું જૂથ છે. નવપરિણીત દંપતીએ પોતાનું સાંસારિક કુટુંબજીવન કઈ જગ્યાએ શરૂ કરવું એ વિશે ત્રણ વ્યવસ્થા પ્રચલિત છે : (1) પિતૃસ્થાની, (2) માતૃસ્થાની અને (3) નવસ્થાની. મોટા ભાગે પિતૃસ્થાની કુટુંબ વ્યવસ્થા વધુ પ્રચલિત છે. આ વ્યવસ્થામાં પત્ની લગ્ન બાદ પતિના ઘેર સહનિવાસ કરવા જાય છે.
- 4 વંશાવલીઃ દરેક કુટુંબને તેની વંશાવલી હોય છે. વંશાવલીના કારણે કુટુંબના પૂર્વજો અને વંશજો વચ્ચેના સંબંધની સમજૂતી મળે છે. સામાજિક રીતે સ્વીકાર્ય લગ્નસંબંધના પરિણામે જન્મ પામતાં બાળકોને સમાજની માન્યતા મળે છે. બાળકોના તેમના કુટુંબ સાથેના સંબંધને ચોક્કસ બનાવવા માટે તેમના નામની સાથે માતા અથવા પિતાનું નામ જોડવામાં આવે છે. માવંશી કુટુંબમાં બાળકના નામની પાછળ માતાનું નામ અને પિતૃવંશી કુટુંબમાં બાળકના નામની પાછળ પિતાનું નામ જોડવામાં આવે છે. વર્તમાન સમયમાં પિવંશી (પિતૃસત્તાક અને પિતૃસ્થાની) કુટુંબવ્યવસ્થા વધુ પ્રમાણમાં પ્રચલિત છે. પિતૃસત્તાક વ્યવસ્થાવાળી કબવ્યવસ્થામાં વસાવલીની ગણતરી પિતાના નામથી થાય છે. બાળકોને પિતાના નામથી ઓળખવામાં આવે છે. આધુનિક સમયમાં બાળકના નામની પાછળ પિતા અને માતા એમ બંનેનાં નામ લખી શકાય છે
- 5. આર્થિક સહભાગીપણું : આર્થિક વ્યવસ્થા માં સહભાગીપણું એ કટુંબનું મહત્ત્વનું લક્ષણ છે. કટુંબના સભ્યોની જરૂરિયાતો સંતોષવા કુટુંબમાં આર્થિક વ્યવસ્થા ગોઠવવામાં આવે છે. કુટુંબમાં જન્મ લેનાર બાળકની જવાબદારી પતિ અને પત્ની બંનેની છે. બાળકોનો ઉછેર, તેમનું ભરણપોષણ તથા તેમના જીવનઘડતરની આર્થિક જરૂરિયાતો સંતોષવાની જવાબદારી કુટુંબની છે. જો કુટુંબ આ જવાબદારી ન સ્વીકારે, તો જન્મ પામનાર બાળકોના ભરણપોષણ અને ઉછેરનો પ્રશ્ન વિકટ બની જાય. આર્થિક જવાબદારી પૂરી કરવા કટુંબમાં પતિપત્નીએ સહયોગ આપવો જરૂરી છે. જુદા જુદા સમાજમાં મહિલા અને પુરુષની જવાબદારી જુદી જુદી હોય છે. વર્તમાન સમયમાં મહિલાઓ આર્થિક પ્રવૃત્તિઓમાં જોડાઈ પોતાનો ફાળો આપે છે

7. ટૂંક નોંધ લખો : જ્ઞાતિસંસ્થામાં પરિવર્તન

- મધ્યયુગના અંત સુધી ભારતમાં જ્ઞાતિસંસ્થા અત્યંત જડ સ્વરૂપે પ્રવર્તતી હતી. ભારતમાં બ્રિટિશ યુગનો આરંભ થતાં જ્ઞાતિસંસ્થામાં નોંધપાત્ર પરિવર્તનો થયાં. બ્રિટિશ અમલ દરમિયાન જ્ઞાતિસંસ્થાનાં પરંપરાગત લક્ષણોમાં કાયદાથી પરિવર્તન લાવવાના પ્રયત્નો થયા. બ્રિટિશ રાજ્યવ્યવસ્થા, ઓદ્યોગીકરણ, શહેરીકરણ, અંગ્રેજી કેળવણી, રસ્તા, વાહનવ્યવહાર અને સંદેશાવ્યવહારનાં વાહનોનો વિકાસ, ઉદારમતવાદી, બિનસાંપ્રદાયિક અને સમાનતાવાદી વિચારસરણીનો ઉદભવ, સામાજિક અને ધાર્મિક સુધારણાની ચળવળો, રાષ્ટ્રવાદી ભાવનાનો વિકાસ વગેરે પરિબળોના કારણે જ્ઞાતિસંસ્થામાં આધુનિક પરિવર્તનની પ્રક્રિયા શરૂ થઈ. સ્વતંત્રતા બાદ જ્ઞાતિસંસ્થામાં પરિવર્તનની પ્રક્રિયા ખૂબ ઝડપી થઈ. વર્તમાનમાં ભારતમાં જ્ઞાતિસંસ્થાનાં પરંપરાગત લક્ષણોમાં નીચે મુજબનાં પરિવર્તનો આવ્યાં છે :
- ખંડ વિભાજનમાં આવેલું પરિવર્તન : પરંપરાગત જ્ઞાતિ વ્યવસ્થામાં વ્યક્તિનો જે જ્ઞાતિમાં જન્મ થાય એ જ્ઞાતિનો દરજ્જો તેને આપોઆપ મળી જતો હતો. આ અપિત દરજ્જા માટે વ્યક્તિ પાસે કોઈ પણ વિકલ્પ કે પસંદગી હતા નહિ. આજે પણ વ્યક્તિને જન્મથી જ્ઞાતિનો દરજ્જો તો મળે જ છે પરંતુ વ્યક્તિ શિક્ષણ, નવા વ્યવસાય આવકનાં સાધનો, સત્તા વગેરે જેવાં પરિબળોની મદદથી પ્રાપ્ત દરજ્જો મેળવી શકે છે.

- આમ, જન્મગત અર્પિત દરજ્જાનું મહત્ત્વ ઘટયું છે. જ્ઞાતિમાં ખંડ વિભાજન માટે સૌથી વધુ અસરકારક દરેક જ્ઞાતિની પોતાની આગવી સંસ્કૃતિ હતી. દરેક જ્ઞાતિની જીવનશૈલી, ભાષા, પહેરવેશ, વર્તન વ્યવહાર, ધોરણો વગેરે જ્ઞાતિની સંસ્કૃતિ મુજબનાં હતાં.
- પરિણામે જ્ઞાતિમાં ખંડ વિભાજન તીવ્ર લાગતું હતું. વર્તમાન સમયમાં શિક્ષણ, સંસ્કૃતિકીકરણ, પશ્ચિમી કરણ, આધુનિકીકરણ અને વૈશ્વિકીકરણના પરિણામે જ્ઞાતિઓની આગવી સંસ્કૃતિ અદશ્ય થવા લાગી છે. બધી વ્યક્તિઓના પહેરવેશ ભાષા, ખોરાક, વ્યવસાય વગેરે લગભગ સમાન થવા લાગ્યા છે. આમ, જ્ઞાતિનું પરંપરાગત ખંડ વિભાજન ભૂંસાઈ જવાના કારણે જ્ઞાતિની વ્યક્તિઓ આધુનિક જીવન જીવવા લાગ્યા છે.
- ખંડ વિભાજનને અસરકારક બનાવવામાં જ્ઞાતિપંચાયત' મહત્ત્વની ભૂમિકા ભજવતી હતી. દરેક જ્ઞાતિઓને પોતાની આગવી પંચાયત હતી, જ્ઞાતિપંચાયતો વ્યક્તિના સંબંધો અને વર્તન પર નિયંત્રણ રાખતી અને પોતાની જ્ઞાતિનું અલગ અસ્તિત્વ ટકાવી રાખતી. પંચાયતી રાજ , શાતિ અસમર્થતાનિવારણ કાનૂન અને બીજા કાયદાઓ તથા ન્યાયતંત્રના વિકાસના કારણે શાતિપંચાયતની અનેક સત્તાઓ છિનવાઈ જતાં તેમનું મહત્ત્વ ઘટયું છે. જ્ઞાતિનાં પરંપરાગત ધોરણો નબળાં પડ્યાં છે.
- જ્ઞાતિના સભ્યો આધુનિક જીવનરોલી જીવવા લાગ્યો છે અને શાંતિના નિયંત્રણો સામે વિરોધ કરતા થયા છે. જન્મથી મળતા વારસાગત દરજ્જાને બદલે પ્રાપ્ત દરજ્જાનું મહત્વ વધતાં જ્ઞાતિસંસ્કૃતિનું પતન થયું છે અને જ્ઞાતિપંચ નબળાં પડતાં ખંડોમાં વિભાજન ભુંસાતું જાય છે. આમ છતાં, સમાજમાં જ્ઞાતિમંડળો પોતાની જ્ઞાતિની એકતા જાળવી રાખવા માટે જ્ઞાતિના સભ્યો માટે કલ્યાણકારી પ્રવૃત્તિઓ ચલાવે છે.
- 2. સામાજિક કોટિક્રમમાં પરિવર્તન : પરંપરાગત જ્ઞાતિવ્યવસ્થામાં વિવિધ જ્ઞાતિઓનું સ્થાન અસમાન હોવાથી એમાં સામાજિક અસમાનતા હતી, આ અસમાન દરજ્જાવાળા જ્ઞાતિસમૂહો ચઢતા કે ઊતરતો ક્રમમાં ગોઠવાયેલા હતા. સમાજની આ વ્યવસ્થાને 'સામાજિક કોટિક્રમ' કરે છે. આમ, જ્ઞાતિસંસ્થાને પોતાનો સામાજિક કોટિક્રમ હતો.
- સમગ્ર ભારતમાં ધાર્મિક દષ્ટિએ કેટલીક જ્ઞાતિઓનો દરજ્જો ઊંચો હતો અને કેટલીક જ્ઞાતિઓનો દરજ્જો નીચો હતો. જમીન માલિકી, સત્તા અને સમાજના વિવિધ માપદંડોના આધારે સ્થાનિક કક્ષાએ મધ્યમ જ્ઞાતિઓનો દરજ્જો નક્કી થતો હતો. વર્તમાન સમયમાં શિક્ષણ, ઔદ્યોગિકીકરણ, આધુનિક શહેરી મૂલ્યો, બિનસાંપ્રદાયિક વિચારસરણી, સાંસ્કૃતિકરણ, કાનૂનીકરણ વગેરે પરિબળોના કારણે સામાજિક કોટિક્રમમાં ખૂબ મોટું પરિવર્તન આવ્યું છે.
- પરંપરાગત રીતે ઉચ્ચ ગણાતી જ્ઞાતિઓના સ્થાનમાં ફેરફાર થયો છે. વિશાળ સંખ્યા, કૌશલ્ય, મિલકત, આવક વગેરે ધરાવતા લોકોનું સ્થાન કોટિક્રમમાં ઊંચું આવ્યું છે. જ્ઞાતિસંસ્થામાં નિમ્ન સ્થાન ધરાવતી જ્ઞાતિઓને વિશેષ અધિકારો, શિક્ષણ, ધારાગૃહો અને સરકારી નોકરીઓમાં અનામત જગ્યાઓની સુવિધા અને અન્ય સવલતો મળતાં તેમનું સામાજિક અને આર્થિક સ્થાન ઊંચું આવ્યું છે.
- 3. ખાનપાન અને સામાજિક સંપર્ક પરના પ્રતિબંધોમાં પરિવર્તન : પરંપરાગત જ્ઞાતિવ્યવસ્થામાં કોણે શું ખાવું, શું ન ખાવું, કોની સાથે ભોજન લેવું, કોના હાથનું ભોજન લેવું, કોની સાથે બેસવું, કોના ઘરનું પાણી પીવું, કાચું ભોજન, પાકું ભોજન વગેરે ખ્યાલો દ્વારા ખાનપાન પર અને સામાજિક સંપર્ક પરના પ્રતિબંધો ખૂબ જ મજબૂત હતા. વર્તમાન સમયમાં શિક્ષણ, ઔદ્યોગિકીકરણ, શહેરીકરણ, સાંસ્કૃતિકીકરણ, આધુનિકીકરણ, પશ્ચિમીકરણ, કાનૂની કરે, વૈશ્વિકીકરણ, સંચાર માધ્યમોનો વિકાસ વગેરેને કારણે ખાનપાન અને સંપર્ક પરના પ્રતિબંધોને

ટકાવી રાખવા મુશ્કેલ બન્યા છે શહેરી વિસ્તારોમાં આવાં પ્રતિબંધો રહ્યા નથી. જુદી જુદી જ્ઞાતિઓના સામાજિક સંપર્કનાં નવાં ક્ષેત્રો અસ્તિત્વમાં આવ્યાં છે. ભોજન અંગેના વૈજ્ઞાનિક ખ્યાલ વિકાસ પામતાં ભોજન અંગેના જૂના ખ્યાલોમાં ઝડપી પરિવર્તન આવ્યું છે. જંકફુડ એના ફાસ્ટફુડના સમયમાં આવા ખ્યાલો અશક્ય છે.

- 4. નાગરિક અને ધાર્મિક અસમર્થતા અને વિશેષ અધિકારોમ પરિવર્તન : પરંપરાગત જ્ઞાતિવ્યવસ્થામાં સામાજિક કોટિક્રમના કારણે નિમ્ન ગણાતી જ્ઞાતિઓ અને ઉચ્ચ ગણાતી જ્ઞાતિઓ વચ્ચે નાગરિક અને ધાર્મિક અધિકારામાં અસમાનતા હતી. જ્ઞાતિવ્યવસ્થામાં નિમ્ન ગણાતી જ્ઞાતિઓ અને અનેક પ્રકારના નાગરિક ધાર્મિક અધિકારોથી વિમુખ રહી હતી અને ઉચ્ચ ગણાતી જ્ઞાતિઓ પાસે વિશેષ અધિકારો હતા.
- જાહેર જીવનમાં તથા વાગરિક અને ધાર્મિક બાબતોમાં ઉચ્ચ જ્ઞાતિઓ સત્તા અને અધિકારો ભોગવતી હતી. વર્તમાન સમયમાં શિક્ષણ, બંધારણીય જોગવાઈ, આધુનિકીકરણ, ઔદ્યોગિકીકરણ, શહેરીકરણ, કાનૂનીકરણ, અસ્પૃશ્યતા નિવારણ એટ્રોસિટી ઍક્ટ વગેરે પરિબળોના કારણે આ પ્રકારના વિશેષ અધિકારો નાબૂદ થયા છે અને નિમ્ન જ્ઞાતિઓની અસમર્થતા નાબૂદ થઈ છે. લોકશાહી સમાનતાવાદી મૂલ્યો અને વૈશ્વિક મૂલ્યોના લીધે ગેરબંધારણીય વર્તનને સજાપાત્ર ગુનો ગણવામાં આવે છે.
- 5. વ્યવસાયની પસંદગી પરના અંકુશોમાં પરિવર્તન : પરંપરાગત જ્ઞાતિવ્યવસ્થામાં વ્યવસાય વંશપરંપરાગત રીતે ચાલ્યા આવતા હતા. જ્ઞાતિના સભ્યોએ નક્કી કરેલો વંશપરંપરાગત વ્યવસાય કરવો પડતો. અન્ય જ્ઞાતિના સભ્યો તે વ્યવસાય કરી શકતા નહિ. વેપાર, ખેતી, ખેતમજૂરી, લશ્કરની નોકરી વગેરે વ્યવસાય કોઈ પણ જ્ઞાતિની વ્યક્તિ કરી શકતી હતી.
- વ્યવસાયનો સ્તર નક્કી કરવામાં ધાર્મિક દૃષ્ટિકોણ અને શુદ્ધિ તથા અશુદ્ધિના ખ્યાલો વધારે મહત્ત્વના હતા. વર્તમાનમાં ઔદ્યોગિકીકરણ, શિક્ષણ, શહેરીકરણ અને યંત્રવૈજ્ઞાનિક ક્રાંતિના કારણે નવા અનેક વ્યવસાયો ઊભા થયા છે. જેમાં જ્ઞાન, કૌશલ્ય અને આવડત મહત્ત્વના બન્યા છે. પરિણામે પરંપરાગત વારસાગત વ્યવસાયોનું આકર્ષણ ઓછું થયું છે. આજના સમયમાં વારસાગત વ્યવસાય પર જીવનનિર્વાહ કરવો પણ સરળ નથી.
- વ્યવસાયનાં સંગઠનોનું નિયંત્રણ નબળું પડ્યું હોવાથી વ્યવસાય પસંદગી પરના અંકુશો નાબુદ થઈ ગયા છે અને જ્ઞાતિ તથા વ્યવસાય વચ્ચેનો સંબંધ નબળો પડ્યો છે. વ્યવસાયમાં વ્યક્તિની નિમણુક લાયકાતના ધોરણે થાય છે. પરિણામે વ્યવસાય સાથે જોડાયેલા ઉચ્ચ અને નિમ્નના ખ્યાલમાં પરિવર્તન આવ્યું છે. વર્તમાનમાં એક જ જ્ઞાતિના સભ્યો વિભિન્ન વ્યવસાયોમાં જોવા મળે છે તેમજ એક જ વ્યવસાયમાં વિભિન્ન જ્ઞાતિઓના સભ્યો જોવા મળે છે.
- 6. લગ્ન પરના પ્રતિબંધોમાં પરિવર્તન : પરંપરાગત જ્ઞાતિવ્યવસ્થા એક પેટાજ્ઞાતિની વ્યક્તિએ બીજી પેટાજ્ઞાતિની વ્યક્તિ સાથેના લગ્ન અંગે પ્રતિબંધ હતો. દરેક પેટાજ્ઞાતિ અંતર્લગ્ન જ્ઞાતિનું લક્ષણ ધરાવતી હતી. દરેક પેટાજ્ઞાતિ માટે લગ્નનું ક્ષેત્ર પોતાના જૂથ પૂરતું મર્યાદિત હતું. અંતર્લગ્ન નિયમનો ભંગ કરનારને જ્ઞાતિમાંથી કાઢી મૂકવા સુધીની સજા કરવામાં આવતી હતી.
- આઝાદી પછી ઈ. સ. 1954નો ‘સ્પેશિયલ મેરેજ એક્ટ’, ઈ. સ. 1955નો ‘હિન્દુ મેરેજ એક્ટ’ જ્ઞાતિ અસમર્થતાનિવારણ કાનૂન તથા શિક્ષણ, ઔદ્યોગિકીકરણ, શહેરીકરણ અને આધુનિક લોકશાહીનાં મૂલ્યોના સ્વીકારના કારણે જ્ઞાતિની આંતર્લગ્ન પ્રથાનબળી પડી છે. હવે ‘ગામનો ગોળ’ તેમજ પેટાજ્ઞાતિનાં બંધનો નાબૂદ થયાં છે. આમ છતાં મોટા ભાગે પોતાની જ્ઞાતિમાં જ લગ્ન કરવાનું વલણ જોવા મળે છે. ભારતના મધ્યમ વર્ગના

સમાજમાં આંતરજ્ઞાતીય અને આંતરધર્મીય લગ્ન તરફનો પ્રવાહ વધતો જાય છે. શિક્ષણ અને મહિલાશિક્ષણના પરિણામે શહેરી વિસ્તારોમાં આંતરજ્ઞાતીય અને આંતરધર્મીય લગ્નો સ્વીકાર્ય બન્યાં છે.

### 8. ટૂંક નોંધ લખો : કુટુંબસંસ્થામાં પરિવર્તન

- કુટુંબસંસ્થામાં પરિવર્તન એટલે કુટુંબની રચના અને કાર્યમાં આવતું પરિવર્તન, આધુનિક ભારતમાં ઔદ્યોગિકીકરણ, શહેરીકરણ, શિક્ષણ, ભારતનું બંધારણ, સામાજિક ધોરણો, આયોજિત વિકાસના કાર્યક્રમો, વાહનવ્યવહાર, સંચાર માધ્યમો, સ્વૈચ્છિક સંગઠનો વગેરે પરિબળોના પરિણામે કુટુંબસંસ્થાનાં પરંપરાગત લક્ષણોમાં પરિવર્તનો આવ્યાં છે, જે નીચે પ્રમાણે છે :
- કુટુંબનું કદ નાનું બનતું જાય છે પરંપરાગત સંયુક્ત કુટુંબના સ્થાને વિભક્ત કુટુંબપ્રથા અસ્તિત્વમાં આવી છે. પરિણામે કુટુંબનું કદ નાનું બનતું જાય છે. નોકરી કે વ્યવસાયના કારણે, કુટુંબના સભ્યો વચ્ચેના સંઘર્ષના કારણે, સંયુક્ત કુટુંબના સભ્યો વચ્ચેની એકતાનાં બંધનો તૂટવાના કારણે કુટુંબથી જુદા રહેવાના પ્રસંગો ઉપસ્થિત થતાં કુટુંબનું કદ નાનું બનતું જાય છે.
- 2. જવાબદારીનું ક્ષેત્ર ઘટતું જાય છે રૂઢિગત સંયુક્ત કુટુંબ ત્રણ, ચાર કે તેથી વધુ પેઢીઓના રક્તસંબંધીઓનું બનેલું હતું. આધુનિક સમયમાં આવાં મોટા કદનાં કુટુંબોનું પ્રમાણ ઘટતું જાય છે. ભારતમાં મધ્યમ અને ઉચ્ચ મધ્યમ શહેરી કુટુંબોમાં નાનું સંયુક્ત કુટુંબ એ કુંટુંબ સંસ્થાનું લાક્ષણિક સ્વરૂપ બન્યું છે. આધુનિક પેઢી માટે તેમના દૂરના રક્તસંબંધીઓ ઓછા મહત્ત્વના બનતા જાય છે. સંયુક્ત કુટુંબના સભ્યો પ્રત્યે પોતાની જવાબદારી અને ફરજ અદા કરવી મુશ્કેલ બનતી જાય છે.
- 3. પતિપત્ની વચ્ચેના સંબંધોમાં પરિવર્તન : આધુનિક ભારતમાં વિભિન્ન પરિબળોની અસરના કારણે પતિપત્ની વચ્ચેના સંબંધોમાં પરિવર્તનો આવ્યાં છે પરંપરાગત કુટુંબસંસ્થામાં પતિપત્ની વચ્ચેના સંબંધો સત્તા અને તાબેદારીના પાયા પર રચાયેલા હતા.
- વર્તમાન સમયમાં આ સંબંધોમાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું છે. પતિ તેની પત્નીની જરૂરિયાતો પ્રત્યે ધ્યાન આપે છે અને તેને પૂરી કરવા પ્રયત્ન કરે છે. પત્નીના આરોગ્ય, ખોરાક, પોશાક, મોજશોખ, હરવાફરવા અને અન્ય જરૂરિયાતો સંતોષવા પ્રયત્ન કરે છે. પતિ વધુ સહાનુભૂતિપૂર્ણ અને સહિષ્ણુતાભર્યું વલણ દાખવતો થયો છે.
- 4. માતાપિતા અને સંતાનો વચ્ચેના સંબંધો માતાપિતા અને સંતાનો વચ્ચેના સંબંધોનાં પરંપરાગત ધોરણો, મૂલ્યો, આદર્શો, અપેક્ષાઓ અને ભૂમિકાઓમાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું છે.
- પરંપરાગત કુટુંબમાં સંબંધોની સામાન્ય ઢબ, સત્તા અને તાબેદારીનાં મૂલ્ય પર રચાયેલી સમાજ રાત્રિ હતી. પિતાનો નિર્ણય અંતિમ ગણાતો હતો. વર્તમાનમાં પિતાની સત્તા નબળી પડતી જાય છે. સંતાનોની સત્તા લગભગ પિતાની સત્તાની સમકક્ષ બનતી જાય છે. પરિણીત સંતાનો પર પિતાનું પ્રભુત્વ ઘટયું છે. સંતાનો પ્રત્યે માતાપિતાનું વલણ પણ બદલાઈ રહ્યું છે. માતા પિતા સંતાનો પ્રત્યે વધુ ઉદાર, સહિષ્ણુ અને સહાનુભૂતિપૂર્ણ વર્તન દાખવતાં થયાં છે. માતાપિતા અને અન્ય વડીલો સમાનતા અને સ્વાતંત્ર્યનાં નવાં મૂલ્યોનો સ્વીકાર કરે છે.

## 9. કુટુંબસંસ્થાનું મહત્ત્વ જણાવો.

- કુટુંબસંસ્થા માનવસમાજની મહત્ત્વની અને પાયાની સંસ્થા છે. સમગ્ર સમાજવ્યવસ્થાના સફળ અને સુવ્યવસ્થિત સંચાલન તથા અસ્તિત્વ માટે કુટુંબ આધાર પૂરો પાડે છે. વ્યક્તિનું સમગ્ર જીવન કુટુંબ સાથે સંકળાયેલું હોય છે, જ્યારે બાળક જન્મે છે ત્યારે તે માત્ર જૈવિક વારસો જ ધરાવતું હોય છે. બાળકને સામાજિક બનાવવાનું કાર્ય કુટુંબ કરે છે.
- જન્મથી મૃત્યુ સુધીની માનવીની વિવિધ આવશ્યકતાઓ કુટુંબ દ્વારા સંતોષાય છે.કુટુંબ વ્યક્તિને સામાજિક સંસ્કારો દ્વારા સભ્ય બનાવવાનું કાર્ય કરે છે. દરેક માનવસમાજમાં કુટુંબનું અસ્તિત્વ જોવા મળે છે. સમાજ માટે પણ 'કુટુંબસંસ્થા' મહત્ત્વની છે. કારણ કે, દરેક સમાજને પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે નવા સભ્યોની જરૂર પડે છે. કુટુંબસંસ્થા પ્રજનન દ્વારા આ કાર્ય કરે છે. કુટુંબ માત્ર નવા સભ્યો ઉમેરવાનું જ કામ નથી કરતું, પરંતુ સમાજ માટે જવાબદાર સભ્યો બનાવવાનું, નવી પેઢીને સામાજિક તથા સાંસ્કૃતિક વારસો આપવાનું અને તેમના સમાજીકરણનું અગત્યનું કાર્ય પણ કરે છે.

## 10.માતૃસત્તાક કુટુંબની સમજૂતી આપો.

- માતૃસત્તાક કુટુંબ માતાની સત્તા અને પ્રધાનતા પર રચાયેલું હોય છે. આ કુટુંબમાં પુરુષ કરતાં મહિલાનું સ્થાન ઊંચું હોય છે. બાળકોને વશ અને વારસો માતા તરફથી મળે છે. સંતાનોના નામ પાછળ માતાનું નામ મુકાય છે. મિલકતનો વારસો મહિલા સંતાનોને મળે છે. આ કુટુંબમાં લગ્ન પછી પતિ પોતાની પત્નીને ઘેર તેના કુટુંબીજનો સાથે રહે છે.
- માતૃસત્તાક કુટુંબમાં મહિલાઓ પિતૃસત્તાક કુટુંબની તુલનામાં વધુ સ્વતંત્રતા અને અધિકારો ભોગવે છે, લગ્નમાં જીવનસાથીની પસંદગી અને જાતીય સંબંધની બાબતમાં મહિલાને પુરુષ કરતાં વધુ સ્વતંત્રતા હોય છે. માતૃસત્તાક કુટુંબમાં માતૃવંશીય અને માતૃસ્થાનીય કુટુંબો સમાવિષ્ટ છે. ભારતના આદિમજાતિ સમાજમાં ખાસી અને ગારો આદિવાસી જાતિઓમાં તેમજ દક્ષિણ ભારતમાં નાયર જાતિમાં આવાં કુટુંબો જોવા મળે છે.

## 11.પિતૃસત્તાક કુટુંબની સમજૂતી આપો.

- પિતૃસત્તાક કુટુંબ પિતાની સત્તા, સ્થાન અને દરજ્જાની પ્રધાનતા પર રચાયેલું છે. આ કુટુંબમાં પુરુષનું સ્થાન અને દરજ્જો સમાજમાં ઊંચો ગણાય છે. રાજકીય, આર્થિક, ધાર્મિક અને સામાજિક બાબતોમાં પુરુષ (પિતા) વર્ચસ્વ ભોગવે છે. પિતૃસત્તાક કુટુંબમાં પિતૃવંશીય અને પિતૃસ્થાનીય કુટુંબો સમાઈ જાય છે.
- સંતાનોનાં નામ પાછળ પિતાનું નામ મુકાય છે. પિતા તરફથી વંશ અને વારસો પુરુષસંતાનોને મળે છે. પુત્રસંતાનનું વિશેષ મહત્ત્વ હોય છે.'પુત્ર હોવો' એ અનિવાર્ય ગણાય છે. પુત્ર ન હોય, તો દત્તક પુત્ર લેવામાં આવે છે. પિતૃસત્તાક કુટુંબમાં પુરુષો વિશેષ સ્વાતંત્ર્ય અને અધિકારો ભોગવે છે.
- જીવનસાથીની પસંદગી અને જાતીય સંબંધની બાબતમાં પુરુષોને મહિલા કરતાં વધુ સ્વતંત્રતા મળે છે. મહિલાઓને શોષણ અને અન્યાયના ભોગ બનવું પડે છે. આધુનિક સમાજમાં ઉદારમતવાદી મૂલ્યો સ્વીકાર્ય બનતાં મહિલાઓના સ્થાનમાં આંશિક ફેરફારો થયા છે. હવે કેટલાક એવા કાયદાઓ થયા છે કે જેથી પુત્રીઓને મિલકતમાં સમાન અધિકારો મળતા થયા છે.

## 12.સંયુક્ત કુટુંબની વિશેષતા જણાવો.

- સંયુક્ત કુટુંબ કદની દષ્ટિએ વિશાળ હોય છે. જે કુટુંબમાં એક જ સમયે બે કે તેથી વધારે પેઢીના સભ્યો એકસાથે રહેતા હોય તેને 'સંયુક્ત કુટુંબ' કહેવામાં આવે છે. આ પ્રકારના કુટુંબના સભ્યો પરસ્પર રક્ત, લગ્ન કે સગપણના સંબંધોથી જોડાયેલા હોય છે.
- એકસાથે નિવાસ અને એક જ રસોડે ભોજન આ કુટુંબની વિશિષ્ટતા છે. કુટુંબની તમામ મિલકત સહિયારી ગણાય છે. કુટુંબના વડા તરીકે પિતા, માતા કે ઉંમરમાં સૌથી મોટી વ્યક્તિ પરિવારનું સંચાલન કરે છે અને તે સર્વ સત્તાઓ ધરાવે છે. મિલકત, આર્થિક કાર્યવિભાજન, ધાર્મિક કાર્યો, લગ્ન જેવી કુટુંબની બાબતો પર કુટુંબના વડાનું પ્રભુત્વ હોય છે. કુટુંબના વડાએ લીધેલા નિર્ણયનો સ્વીકાર કુટુંબના દરેક સભ્ય કરવો પડે છે.
- વૃદ્ધત્વ, અપંગતા, શારીરિક ખોડખાંપણ કે બીજી કોઈ અશક્તિને કારણે પોતાનું ભરણપોષણ કરવા અસમર્થ હોય તેવી વ્યક્તિને માટે સંયુક્ત કુટુંબ જોગવાઈ પૂરી પાડે છે. પરંતુ મહિલાઓ અને સંતાનોના વિકાસ માટે કોઈ સ્વતંત્ર અવકાશ રહેતો નહિ હોવાથી તેઓ વિકાસ અને પ્રગતિથી વંચિત રહી જાય છે.

## 13. વિભક્ત કુટુંબની સમજૂતી આપો.

- વિભક્ત કુટુંબ કદની દષ્ટિએ નાનું હોય છે. સમાજશાસ્ત્રી બી. એસ. કોહનના મત મુજબ, 'વિભક્ત કુટુંબ એ પરિણીત મહિલાપુરુષ અને તેમનાં સંતાનોનું બનેલું હોય છે. પતિપત્ની સ્વાતંત્ર્ય ભોગવે છે. બાળઉછેરની જવાબદારી કેવળ માતાપિતાની રહે છે. વિભક્ત કુટુંબ એક સ્વતંત્ર વ્યક્તિપ્રધાન કુટુંબ છે.
- આ કુટુંબમાં પતિપત્ની વચ્ચેના સંબંધો સમાનતાની ભૂમિકા પર રચાયેલા હોય છે. આથી મહિલા વધારે સ્વાતંત્ર્ય ભોગવી શકે છે. બાળકોને સ્વાતંત્ર્ય મળતું હોવાથી વ્યક્તિગત વિકાસની વધુ તક મળે છે. બાળકોના ઉછેર પ્રત્યે માતાપિતા વધુ જવાબદારીપૂર્વક વર્તે છે. કુટુંબમાં સભ્યસંખ્યા મર્યાદિત હોવાથી પારિવારિક ક્ષેત્રે વિરોધ ઉદ્ભવતો નથી.
- વર્તમાન સમયમાં એકલમાતા અને એકલપિતાવાળા કુટુંબ પણ જોવા મળે છે. ઈ. સ. 2011ની વસ્તીગણતરી અનુસાર ભારતનાં કુલ કુટુંબોમાં સંયુક્ત કુટુંબનું પ્રમાણ 19 ટકા અને વિભક્ત કુટુંબનું પ્રમાણ 81 ટકા છે. દક્ષિણ ભારતના કેરલ, તમિલનાડુ, કર્ણાટક અને આંધ્ર પ્રદેશ રાજ્યોમાં સંયુક્ત કુટુંબનું પ્રમાણ 10 ટકા છે.

## 14. લગ્નસાથીની પસંદગીનાં ક્ષેત્રોને નિર્ધારિત કરતાં ધોરણો જણાવો.

- સમાજમાં જીવનસાથીની પસંદગી માટે આપવામાં આવતી સ્વતંત્રતા મર્યાદિત હોય છે. કોણ કોની સાથે લગ્નસંબંધથી જોડાઈ શકે અને કોની સાથે લગ્નસંબંધથી ના જોડાઈ શકે તે અંગેનાં સામાજિક ધોરણો દરેક સમાજમાં અલગ અલગ હોય છે. રીતરિવાજો, શાતિનિયમો અને સામાજિક ધોરણો દ્વારા દરેક સમાજમાં લગ્નસાથીની પસંદગીનાં ક્ષેત્રોને નિર્ધારિત કરવામાં આવે છે, જે નીચે મુજબ છે :
- અંતર્લગ્ન : રિવાજ અનુસાર અમુક સમૂહના પુરુષો અમુક સમૂહની મહિલાઓ સાથે જ લગ્નસંબંધથી જોડાઈ શકે છે. આમ, જે સમુહના સભ્યો પરસ્પર લગ્નસંબંધથી જોડાઈ શકે તેવા સમૂહને અંતર્જનીય સમૂહ કહે છે. હિન્દુ સમાજની દરેક જ્ઞાતિ અને પેટાજ્ઞાતિ અંતર્જનીય સમુહ છે. પરંપરામાં માનતા હિન્દુઓ વર્તમાન સમયમાં પણ પોતાની જ્ઞાતિમાંથી જ લગ્નસાથીની પસંદગીનો આગ્રહ રાખે છે, ભારતમાં જૈન, ઇસ્લામ, બૌદ્ધ, પારસી, શીખ અને ખ્રિસ્તી ધર્મના અનુયાયીઓમાં તેમજ આદિવાસી સમુદાયમાં પણ અંતનની પરંપરા પ્રવર્તે છે.

- 2. બહિર્લગ્ન : લગ્નસાથીની પસંદગી કયા ક્ષેત્રમાંથી કરી શકાય નહિ તે નક્કી કરતા નિયમને 'બહિર્લગ્નના નિયમો' કહે છે. આ નિયમ મુજબ નિકટના સમુહો જેવા કે ભાઈઓ, બહેનો અને અન્ય રક્તસંબંધીઓની વ્યાખ્યામાં આવતાં સંબંધીઓ સાથે લગ્ન થઈ શકે નહિ, આ સંદર્ભમાં જુદા જુદા સમાજમાં જુદા જુદા નિયમો પ્રવર્તે છે. વ્યક્તિના નિકટના સંબંધીઓ સાથેના જાતીય સંબંધોને અનૈતિક અને અનાચારી ગણવામાં આવે છે. આવા લગ્નસંબંધો પર પ્રતિબંધ પ્રવર્તે છે.
- 3. સમલોમ લગ્ન : પોતાની સમકક્ષ, પોતાના જૂથ કે પોતાની જ્ઞાતિમાંથી લગ્નસાથીની પસંદગી કરવાના લગ્નપ્રકારને 'સમલોમ લગ્ન' કહે છે.
- 4. અનુલોમ લગ્ન : સમાજમાં ઉચ્ચ ગણાતી જ્ઞાતિ કે વર્ણનો પુરુષ પોતાનાથી નિમ્ન ગણાતી જ્ઞાતિ કે વર્ષની મહિલાને લગ્નસાથી તરીકે પસંદ કરે તે લગ્નપ્રકારને 'અનુલોમ લગ્ન' કહે છે.
- 5. પ્રતિલોમ લગ્ન : સમાજમાં ઉચ્ચ ગણાતી જ્ઞાતિ કે વર્ણની મહિલા પોતાનાથી નિમ્ન ગણાતી જ્ઞાતિ કે વર્ણના પુરુષને લગ્નસાથી તરીકે પસંદ કરે તે લગ્નપ્રકારને 'પ્રતિલોમ લગ્ન' કહે છે.

### 15. લગ્નસાથીની પસંદગીમાં અગ્રતાસૂચક ધોરણો જણાવો.

- અંતર્લગ્ન અને બહિર્લગ્નના નિયમો દ્વારા લગ્નસાથીની પસંદગીનું ક્ષેત્ર નિર્ધારિત થાય છે, પરંતુ આ ઉપરાંત નિર્ધારિત ક્ષેત્રમાંથી પણ ખાસ પસંદગીની બાબતમાં કોને અગ્રતા આપવી તે દર્શાવતાં ધોરણો પ્રવર્તે છે. આ ધોરણો નીચે પ્રમાણે છે :
- કુલીનશાહી : માતાપિતાએ પોતાની પુત્રીના લગ્ન તેમના કુળ કરતાં સામાજિક પ્રતિષ્ઠાની દષ્ટિએ ઉચ્ચ ગણાતાં કુળના પુરુષ સાથે કરવાં જોઈએ. આવું મૂલ્ય કેટલાક સમૂહોમાં પ્રવર્તે છે. આ પ્રકારનાં લગ્નને 'કુલીનશાહી લગ્ન' કહે છે. વર્તમાનમાં કેટલીક જ્ઞાતિઓમાં 'કુલીનશાહી' લગ્નપ્રથા છે.
- 2. દિયરવટું પતિના અવસાન બાદ પત્ની પોતાના મૃત પતિના નાના ભાઈ (દિયર) સાથે પુનર્લગ્ન કરી શકે તેવા ધોરણને 'દિયરવટું' કહે છે.
- 3. જેઠવટું પતિના અવસાન બાદ પત્ની પોતાના મૃત પતિના મોટા ભાઈ (જે) સાથે પુનર્લગ્ન કરી શકે તેવા ધોરણને 'જેઠવહું' કહે છે.
- 4. સાળીવટું : પત્નીના અવસાન બાદ પતિ પોતાની મૃત પત્નીની બહેન (સાળી) સાથે પુનર્લગ્ન કરી શકે તેવા ધોરણને 'સાળીવટું' કહે છે.
- 5. પિતરાઈ લગ્ન : કેટલાક સમૂહમાં વ્યક્તિના પિતાના પક્ષે કાકા કે ફોઈનાં સંતાનો અથવા માતાના પક્ષે મામા કે માસીનાં સંતાનોને લગ્નસાથી તરીકે પ્રથમ પસંદગી આપવાના રિવાજને 'પિતરાઈ લગ્ન' કહે છે.

### 16. જ્ઞાતિની વ્યાખ્યા જણાવો.

- 'જ્ઞાતિ' એ વિભિન્ન ગોત્ર જૂથોનાં કુટુંબનું બનેલું વિશિષ્ટ નામ ધરાવતું, સંગઠિત, અંતવિવાહી, કોટિક્રમિક ધરાવતું સ્તર જૂથ છે. એમ. એન. શ્રીનિવાસના મતે, "જ્ઞાતિ એક વંશપરંપરાગત અંતર્લગ્નની પ્રથા ધરાવતું અને સામાન્ય રીતે એક જ સ્થળે વસતું જૂથ છે."
- ધૂર્યના મત મુજબ, "હિન્દુ સમાજ એવાં વિભિન્ન જૂથોમાં વિભાજિત થયેલો છે, જે જૂથોના સામાજિક પ્રતિષ્ઠાના સ્તરો અને પારસ્પરિક વ્યવહારોનું ક્ષેત્ર ભિન્ન ભિન્ન છે."